# ગીત

નદલાલ શેઠની બીમારી લાબો ચાલી, ત્રણ ચાર ડૉક્ટરો બાદલ્યા, પણ કઈ ફેર પડયો નહીં. આથી ડૉક્ટરે હવાફેર કરવાની સલાહ આપી.

તેમના અમેરિકા વસેલા એક મિત્રની અતરિયાળ વિસ્તારની એક કોટેજમા જઈને રહેવાનુ નક્કી કર્યું અને જરૂરી દવા તથા એક ડ્રાઈવર તથા નોકરને લઈ નદલાલ શેઠ કોટેજમા રહેવા આવી ગયા.

કોટેજનુ વાતાવરણ ખૂબ જ સુદર હતુ. આસપાસ સુદર ટેકરીઓ અને લીલાછમ વૃક્ષો પથરાયા હતા. કોટેજના કમ્પાઉન્ડમા એક બગીચો હતો. એક ચોકીદાર તથા એક માળી તેનુ ખૂબ ધ્યાન રાખતા હતા. સુદર  વાતાવરણ, તાજી હવા તથા ગામડાના શુદ્ધ ઘી–દૂધના સેવનથી ધીરે ધીરે નદલાલ શેઠ સારા થવા લાગ્યા. જોકે હજુ પણ રોજ રાતે તાવ તો આવી જ જતો હતો. વળી તેમના પગ પણ જકડાઈ ગયા હતા તેથી જાતે ચાલી શકતા ન હતા.

પણ તે દિવસ ખરુ થયુ. રાત્રે તાવની અસ્વસ્થતાને લીધે છેક મોડી રાત સુધી ઊંઘ આવી ન હતી. પરાણે ઊંઘવાની કોશિશ કરતા હતા ત્યા કોઈના ગાવાના અવાજથી તેઓ ચોકી ગયા. તેમણે ધ્યાનથી ગીત સાભળ્યુ કે તેઓ ત્યા જ જાણે સ્થિર થઈ ગયા. શો મધુર અવાજ ! શો મીઠો કઠ ! શબ્દોય કઈ એવા કમાલના હતા કે નદલાલ શેઠ હાલ્યાચાલ્યા વિના આખુ ગીત સાભળી રહ્યા. ગીત પૂરુ થયુ તે પછી કેટલીય વાર સુધી એમના કાનમા એ સૂરો ગુજતા રહ્યા.

સવારે નોકરને પૂછ્યુ તો તેને કઈ ખબર ન હતી. માળીને પૂછ્યુ, તે પણ જાણતો ન હતો. ચોકીદારે કહ્યુ કે રાતવાળા ચોકીદારને ખબર હશે, હુ તો રાત્રે હોઉં નહીં. એ દિવસે શેઠનો આખો દિવસ સારો રહ્યો. તાજગીભર્યો અને તદુરસ્ત. નવાઈની વાત એ બની કે એ રાત્રે એમને તાવ પણ ન આવ્યો. તેમનો આખો દિવસ જાણે પેલા ગીતના સૂરમા ગુજતો રહ્યા. વહેલી સવારે તેમની આખ ખૂલી. તેઓ અનાયાસ પેલા સૂરની રાહ જોવા લાગ્યા. થોડી જ વારમા ગીતના સૂર સભળાયા.

અચાનક શેઠ ઊભા થયા. લાકડી ઠપકારીને નોકરને બોલાવવા પ્રયત્ન કર્યો, પણ એ ભરનિદ્રામા હતો. શેઠ ઊભા થયા અને ધીરે ધીરે લાકડીનો ટેકે ચાલવા લાગ્યા. ધીરે ધીરે ચાલતા ચાલતા તેઓ છેક મુખ્ય દરવાજા સુધી આવ્યા, પણ ત્યા સુધીમા ગીત બધ થઈ ગયુ હતુ. શેઠને આવેલા જોઈ ચોકીદાર ઊભો થઈ ગયો અને બોલ્યો, ''અરે શેઠજી આ રીતે આટલુ બધુ ચાલીને કઈ રીતે આવ્યા?'' શેઠનુ પણ હવે ધ્યાન ગયુ કે ઘણા મહિનાઓ પછી તેઓ જાતે આટલુ ચાલ્યા. તેમણે કહ્યુ, ''આ ગીત કોણ ગાતુ હતુ, હમણા ?''

ચોકીદારે કહ્યુ, ''શેઠજી બાજુના ગામનો એક મોચી થોડા દિવસથી કામ કરવા અહીં આવે છે. મારા ભાઈનો મિત્ર છે એટલ હુ ઓળખુ છુ એટલે આ દરવાજા પાસે આવીને સૂઈ રહે છે. બિચારો ગરીબ માણસ છે, પણ શેઠજી! તમે કહેશો તો એને ના કહી દઈશ.''

શેઠે કહ્યુ, ''સારુ, કાલે સાજ આવે ત્યારે એને મારી પાસે લઈ આવજે.'' પણ એ પછી એ થોડા દિવસ આવ્યો નહીં. શેઠની તબિયત ઘણી સુધારા પર હતી. તાવ બધ થઈ ગયો હતો તથા તે દિવસ પછી રોજ થોડુ થોડુ ચાલવાની પ્રેક્ટિસ કરતા તેથી પગમા પણ ઘણો સુધારો થયો હતો.

થોડા દિવસ પછી ચોકીદાર તેને શેઠ પાસે લઈ આવ્યો. શેઠે તેનુ નામ વગેરે પૂછીને કહ્યુ, ''ભાઈ, તુ બહુ જ સરસ ગાય છે. તારા ગીતથી મારી તબિયતમા ઘણો સુધારો થયો છે, તો તુ ગાવાનુ ચાલુ રાખજે અને લે આ તારુ ઈનામ !'' શેઠે તેને એક કવરમા હજાર રૂપિયા આપ્યા. મોચી તો ખુશખુશાલ થઈ ગયો. કારણ કે આ તેની બે મહિનાની કમાણી હતી. તે શેઠને પગે લાગી ચાલ્યો ગયો.

બીજા દિવસ શેઠની આખ ખૂલી ને મોચીના સૂર તેમના કાને પડયા. શેઠે અનુભવ્યુ કે તેનો અવાજ રોજ જેવો નથી. રોજની જેમ તે પોતાના પૂરા મનથી ગાતો નથી. શેઠ ધીરે ધીરે ચાલતા ચાલતા મોચી પાસે આવ્યા તો મોચી તેમના પગમા પડયા અને પેલુ કવર તેમને પાછુ આપતા બોલ્યો, ''શેઠજી, મહેરબાનો કરીને આ પાછુ લઈ લો.''



‘‘કેમ, શુ થયુ ?’’ શેઠે પૂછ્ય.

‘‘ના શેઠ, મને આ ન ખપે. આજ દિન સુધી રોજ સવારે હુ આખ બધ કરીને ગાવાની શરૂઆત કરતો ને મારુ મન ઈશ્વરની મહેરબાનીથી છલકાઈ રહેતુ. હુ તેની આપેલી દરેક કૃપા–ફળ, જળ, શુદ્ધ હવા, ઝરણા, નદી, સદર પખીના ટહુકાઓ, ફૂલના નયનરમ્ય રગો....એ બધાને યાદ કરતો ને તેમની કૃપાથી મારુ હૃદય ભરાઈ આવતુ. મારી એ ખુશી મારા અવાજમાથી છલકાતી, પરતુ જ્યારથી તમે આ કવર આપ્યુ છે ને ત્યારથો હુ બધ ભૂલીન આ પૈસાને ક્યા મૂકવા, તેનુ શુ કરવુ, કેટલા વાપરવા, કોને આપવા, કોનાથી છુપાવવા....આ બધી ચિતામા પડી ગયો છુ. તમે મહેરબાની કરીને આ લઈ લો.’’

આટલુ કહીને તેણે કવર શેઠના પગમા મૂક્યુ અને તે કમ્પાઉન્ડ છોડીને બહાર દોડી ગયો.

**– ‘તથાગત’માથી સાભાર**

■